# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-07-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર હેમાંગીની સોનારા વાંચે છે.

***************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઘાના, ત્રિનિદાદ અને ટોબેગોની સફળ મુલાકાત બાદ આજે સવારે આર્જેન્ટિનાની રાજધાની બ્યુનસ આયર્સ પહોંચ્યા**

2. **કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે ગુજરાતના આણંદ ખાતે દેશની પ્રથમ સહકારિતા વિશ્વવિદ્યાલય ત્રિભુવન સહકારી વિશ્વવિદ્યાલયનું ભૂમિપૂજન કર્યું.**

3. **રાષ્ટ્રીય તપાસ સંસ્થા એ ભારતમાંથી લોકોને ગેરકાયદેસર રીતે અમેરિકા અને અન્ય દેશોમાં મોકલવામાં સંડોવાયેલા બે વ્યક્તિઓની ધરપકડ કરી**

4. **અમેરિકાના ટેક્સાસમાં ભારે પૂરમાં 24 લોકોના મોત - ઘણા લોકો લાપતા થયા**

5. **ભારતના ગુકેશ ડોમ્મારાજુએ ક્રોએશિયાના ઝાગ્રેબમાં સુપર યુનાઇટેડ રેપિડ અને બ્લિટ્ઝ ટુર્નામેન્ટમાં રેપિડ ચેસ ટાઇટલ જીત્યું**

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM-ARGENTINA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઘાના, ત્રિનિદાદ અને ટોબેગોની સફળ મુલાકાત બાદ આજે સવારે આર્જેન્ટિનાની રાજધાની બ્યુનસ આયર્સ પહોંચ્યા છે.

પ્રધાનમંત્રી મોદી આજે સાંજે આર્જેન્ટિનાના સ્વાતંત્ર્ય સેનાની અને રાષ્ટ્રીય નાયક જનરલ જોસ ડી સૈન માર્ટિનની પ્રતિમા પર પુષ્પાંજલિ આપીને તેમની મુલાકાતની શરૂઆત કરશે. ત્યારબાદ શ્રી મોદીનું ઔપચારિક સ્વાગત કરાશે અને રાષ્ટ્રપતિ જેવિયર માઇલી દ્વારા તેમના સન્માનમાં આયોજિત ભોજન સમારંભ બાદ પ્રતિનિધિમંડળ-સ્તરની વાટાઘાટો કરશે.

આ મુલાકાત વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવશે અને સહયોગના નવા માર્ગો ખોલશે તેવી આશા છે. જેમાં વેપાર અને રોકાણ, આરોગ્ય અને ફાર્માસ્યુટિકલ્સ, સંરક્ષણ અને સુરક્ષા, માળખાગત સુવિધા, જેવા મુખ્ય ક્ષેત્રોને આવરી લેવાશે.

પ્રધાનમંત્રીએ 2018માં G20 સમિટ દરમ્યાન આર્જેન્ટિનાની મુલાકાત લીધી હતી, અને છેલ્લા 57 વર્ષમાં ભારતીય પ્રધાનમંત્રી દ્વારા આર્જેન્ટિનાની આ પહેલી દ્વિપક્ષીય મુલાકાત હતી.

પાંચ દેશોની મુલાકાત પહેલા પોતાના નિવેદનમાં પ્રધાનમંત્રી મોદીએ આર્જેન્ટિનાને લેટિન અમેરિકામાં એક મુખ્ય આર્થિક ભાગીદાર અને G20 જૂથમાં એક ગાઢ સાથી તરીકે વર્ણવ્યું હતું. પ્રધાનમંત્રી મોદી તેમના પ્રવાસના છેલ્લા તબક્કામાં નામિબિયા જતા પહેલા રિયો ડી જેનેરોમાં બ્રિક્સ શિખર પરિષદમાં હાજરી આપવા માટે બ્રાઝિલ પણ જશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PM- UP EX-GRATIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્તરપ્રદેશના સંભલમાં થયેલા અકસ્માતમાં જીવ ગુમાવનારા લોકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. શ્રી મોદીએ પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી દરેક મૃતકના પરિવારજનોને બે લાખ રૂપિયા અને ઇજાગ્રસ્તોને પચાસ હજાર રૂપિયાની સહાયની જાહેરાત પણ કરી છે.

મીડિયા અહેવાલો અનુસાર, ગઈકાલે સંભલ જિલ્લામાં મેરઠ-બદાયુ હાઇવે પર થયેલા માર્ગ અકસ્માતમાં  વરરાજા સહિત પાંચ લોકોના મોત થયા હતા. 10 જાનૈયાઓને લઈ જતી કાર કોલેજની દિવાલ સાથે અથડાઈ હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## AMIT SHAH – GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે આજે ગુજરાતના આણંદ ખાતે દેશની પ્રથમ સહકારિતા વિશ્વવિદ્યાલય ત્રિભુવન સહકારી વિશ્વવિદ્યાલયનું ભૂમિપૂજન કર્યું. આ કાર્યક્રમ દરમિયાન શ્રી શાહે જણાવ્યું કે છેલ્લા ચાર વર્ષમાં સહકારિતા મંત્રાલયે 60 નવી પહેલ શરૂ કરી. કરોડો

ગરીબ અને ગ્રામીણ લોકોના જીવનમાં આશાનો સંચાર કરવા સહકારિતા મંત્રાલયની સ્થાપના કરવામાં આવી.

શ્રી શાહે ઉમેર્યું કે 40 લાખ જેટલા કર્મચારી સહકારિતા આંદોલનમાં જોડાયા છે. તેમણે કહ્યું આ વિશ્વવિદ્યાલય સહકારી ક્ષેત્રમાં નીતિ નિર્માણ, ડેટા વિશ્લેષણ, સહકારી વિકાસ વ્યૂહરચના અને સંશોધન જેવા કાર્યો કરશે. ઉપરાંત, આ યુનિવર્સિટી માત્ર સહકારી કર્મચારીઓ જ નહીં પરંતુ ત્રિભુવન ભાઈ જેવા સમર્પિત સહકારી નેતાઓ પણ તૈયાર કરશે, જેઓ સહકારી ક્ષેત્રનો અભ્યાસ કરશે અને તેનું નેતૃત્વ કરશે.

આ કાર્યક્રમ દરમિયાન શ્રી શાહે સહકારિતા મંત્રાલય અને NCERTના સહયોગથી શાળાના વિદ્યાર્થીઓ માટે તૈયાર કરાયેલા સહકારિતા પરના વિશેષ દ્વિભાષીય મોડ્યુલનું અનાવરણ પણ કર્યું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## NIA US TRAFFICKING

રાષ્ટ્રીય તપાસ સંસ્થા NIA એ ભારતમાંથી લોકોને ગેરકાયદેસર રીતે અમેરિકા અને અન્ય દેશોમાં મોકલવામાં સંડોવાયેલા બે વ્યક્તિઓની ધરપકડ કરી છે.

હિમાચલ પ્રદેશ અને દિલ્હીમાં બે સ્થળોએ તપાસ અભિયાન દરમ્યાન આ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. NIA એ કહ્યું છે

કે એક આરોપીએ પીડિતોને ગેરકાયદેસર રીતે વિદેશ મોકલવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી જ્યારે બીજો આરોપી લેટિન અમેરિકામાં એજન્ટોને પૈસા ટ્રાન્સફર કરવામાં સામેલ હતો.

એજન્સીએ જણાવ્યું હતું કે બંને આરોપીઓ મુખ્ય આરોપી ગગનદીપ સિંહના નજીકના સાથી છે, જેની આ વર્ષે માર્ચમાં ધરપકડ કરવામાં આવી હતી. એક પીડિતની ફરિયાદ બાદ ગગનદીપ સિંહની ધરપકડ કરવામાં આવી હતી. પીડિત વ્યક્તિને ગેરકાયદેસર રીતે અમેરિકા મોકલવામાં આવી હતી. આ વ્યક્તિને આ વર્ષે ફેબ્રુઆરીમાં અમેરિકાની સરકાર દ્વારા ભારત પરત મોકલવામાં આવ્યો હતો. ગગનદીપ પીડિતોને અમેરિકા મોકલવા માટે દરેક પાસેથી લગભગ 45 લાખ રૂપિયા વસૂલતો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## US-TEXAS FLOOD

અમેરિકાના ટેક્સાસમાં ભારે પૂરમાં **24** લોકોના મોત થયા છે અને ઘણા લોકો લાપતા થયા છે. ટેક્સાસના ગવર્નર ગ્રેગ એબોટે મધ્ય ટેક્સાસના કાઉન્ટીમાં આપત્તિ જાહેર કરી છે. શ્રી એબોટે જણાવ્યું હતું કે બચાવ અને શોધ કામગીરી આખી રાત ચાલુ રહેશે. કેર કાઉન્ટીના કેમ્પ મિસ્ટિકમાં **20** થી વધુ છોકરીઓ હજુ પણ લાપતા છે. ગુરુવાર રાતથી સમગ્ર વિસ્તારમાં ભારે વરસાદ પડી રહ્યો છે.

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સંઘીય સરકાર તરફથી મદદની ખાતરી આપી છે. બચાવ કામગીરી વધુ ઝડપી બનાવવામાં આવી છે અને અત્યાર સુધીમાં 200 થી વધુ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. જેમાંથી 167 લોકોને હેલિકોપ્ટર દ્વારા સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે. અધિકારીઓએ આજે સવારે લોકોની મદદ માટે વધુ બચાવ કાર્યકરો મોકલ્યા છે.

રાહત અને બચાવ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે ટેક્સાસમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી રદ કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત સમાચાર આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# DELHI FIRE

નવી દિલ્હીના કરોલ બાગ વિસ્તારમાં આવેલા વિશાલ મેગા માર્ટ બિલ્ડિંગમાં ગઇકાલે મોડી સાંજે લાગેલી આગમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું. આગ લાગ્યા બાદ મૃતક લિફ્ટમાં ફસાઈ ગયો હતો. દિલ્હી ફાયર વિભાગે જણાવ્યું હતું કે આગને કાબુમાં લેવા માટે કુલ 13 ફાયર ટેન્ડર ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# KERALA-VP VISIT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આવતીકાલથી કેરળના બે દિવસના પ્રવાસે જશે. તેઓ ઉપરાષ્ટ્રપતિ ત્રિશૂરના ગુરુવાયુર મંદિરમાં પૂજા અર્ચના કરશે. ત્યારબાદ તેઓ કોચીની નેશનલ યુનિવર્સિટી ઓફ એડવાન્સ્ડ લીગલ સ્ટડીઝના વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે વાતચીત કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# TRUMP-ZELENSKY TALKS

યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લાદિમીર ઝેલેન્સકીએ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ફોન પર વાતચીત કરી છે. આ દરમિયાન શ્રી ઝેલેન્સકીએ શ્રી ટ્રમ્પને યુક્રેનની હવાઈ સંરક્ષણ ક્ષમતાઓ વિશે માહિતી આપી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ કહ્યું કે બંને નેતાઓ સુરક્ષાના દ્રષ્ટિકોણથી યુક્રેનના હવાઈ ક્ષેત્રને સુધારવા માટે સાથે મળીને કામ કરવા સંમત થયા છે. તેમણે સંરક્ષણ ઉદ્યોગની ક્ષમતાઓ અને સંયુક્ત ઉત્પાદનની શક્યતાઓ પર પણ ચર્ચા કરી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## CHESS-D GUKESH

ભારતના ગુકેશ ડોમ્મારાજુએ ક્રોએશિયાના ઝાગ્રેબમાં સુપર યુનાઇટેડ રેપિડ અને બ્લિટ્ઝ ટુર્નામેન્ટમાં રેપિડ ચેસ ટાઇટલ જીત્યું છે. આ ટુર્નામેન્ટ ગ્રાન્ડ ચેસ ટૂર **2025**નો ભાગ છે. વિશ્વ ચેસ ચેમ્પિયન ગુકેશે ફાઇનલ રાઉન્ડમાં અમેરિકાના વેસ્લી સોને હરાવ્યો હતો. ગુકેશે **18** માંથી **14** પોઈન્ટ મેળવીને રેપિડ ફોર્મેટમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. પોલેન્ડના જાન-ક્રિઝ્ઝટોફ ડુડા બીજા સ્થાને અને ભૂતપૂર્વ વિશ્વ ચેમ્પિયન મેગ્નસ કાર્લસન ત્રીજા સ્થાને રહ્યા હતા.

આ ટુર્નામેન્ટનો બ્લિટ્ઝ તબક્કો આજથી શરૂ થશે અને આવતીકાલે પૂરો થશે. રેપિડ અને બ્લિટ્ઝ બંનેમાંથી મેળવેલા કુલ પોઈન્ટના આધારે એકંદર વિજેતાનો નિર્ણય લેવામાં આવશે.

. . . . . . . . . . . . . . . .

# BADMINTON - CANADA OPEN

ભારતના કિદામ્બી શ્રીકાંત કેનેડા ઓપન સુપર **300** બેડમિન્ટન ટુર્નામેન્ટની સેમિફાઇનલમાં પહોંચ્યો છે. તેણે ચાઇનીઝ તાઇપેઈના વિશ્વના છઠ્ઠા ક્રમાંકિત ખેલાડી ચાઉ ટિયેન ચેનને **21-18, 21-9** થી હરાવ્યો હતો. શ્રીકાંતનો મુકાબલો આજે રાત્રે ત્રીજા ક્રમાંકિત જાપાનના કેન્ટા નિશિમોટો સાથે થશે.

નિશિમોટોએ રસાકસીભર્યા મુકાબલામાં ભારતના શંકર મુથુસામીને **21-15, 5-21, 21-17** ના હરાવીને સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

મહિલા સિંગલ્સમાં ભારતની શ્રીયાંશી વાલિશેટ્ટીનો ડેનમાર્કની અમાલે શુલ્ઝ સામે પરાજય થયો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CRICKET-IND-ENG TEST

બર્મિંગહામના એજબેસ્ટન ખાતે યજમાન ઇંગ્લેન્ડ સામેની બીજી ક્રિકેટ ટેસ્ટ મેચના ચોથા દિવસે ભારત બીજી ઇનિંગ એક વિકેટે 64 રનથી આગળ રમશે. પ્રથમ ઇનિંગના આધારે ભારતની કુલ લીડ 244 રન થઈ

ગઈ છે. મેચ ભારતીય સમય મુજબ બપોરે સાડા ત્રણ વાગ્યે શરૂ થશે. ત્રીજા દિવસની રમત પૂરી થઈ ત્યારે કેએલ રાહુલ અને કરુણ નાયર રમતમાં હતા.

અગાઉ ભારતીય ઝડપી બોલર મોહમ્મદ સિરાજે છ વિકેટ લીધી હતી જ્યારે આકાશ દીપે ચાર વિકેટ લીધી હતી. જેના કારણે ઇંગ્લેન્ડ પ્રથમ ઇનિંગમાં 407 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. ઇંગ્લેન્ડ માટે જેમી સ્મિથે 184 રન અને હેરી બ્રુકે 158 રન બનાવ્યા હતા. ભારતે તેમની પ્રથમ ઇનિંગમાં 587 રનનો સ્કોર બનાવ્યો હતો. લીડ્સ ખાતે પ્રથમ મેચ પાંચ વિકેટથી જીતીને ઇંગ્લેન્ડ પાંચ મેચની એન્ડરસન-તેંડુલકર ટ્રોફી શ્રેણીમાં 1-0થી આગળ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .